એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ | તા. ૧૮/૦૭/૨૦૧૯

(2)

<u>બેઠક ક્રમાંક- ૧૧/૧/૨૦૧૯-૨૦</u>

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

### તા. ૧૮/૦૭/૨૦૧૯ સમયઃ ૪:૦૦ કલાક

### સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

<u>(મિનિટ્સ)</u>

(૨)

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ | તા. ૧૮/૦૭/૨૦૧૯ |
|---|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વર્ષ: ૨૦૧૯-૨૦ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પ્રથમ મિટિંગ મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૮/૦૭/૨૦૧૯ને ગુરુવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીલ ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩. | સચિવશ્રી, નાણાં વિભાગના પ્રતિનિધિ<br>મા. શ્રી એચ. એફ. ગાંધર્વ<br>અધિક સચિવશ્રી, નાણા વિભાગ | સભ્યશ્રી | હાજર |
| ૪. | ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પ્રતિનિધિ<br>મા. શ્રી એસ. જી. દેસાઈ<br>ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ જિજ્ઞેશભાઈ બી પટેલ<br>એકેડેમિક કાઉન્સિલના સભ્ય | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. અશોકભાઈ પ્રજાપતિ<br>એકેડમિક કાઉન્સિલના સભ્ય | સભ્યશ્રી | હાજર |
| ૭. | મા. ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. વિવેકભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૯. | મા. ડૉ. સંજય પટેલ (ડુંગરાણી) | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | મા. પ્રો. ચંદ્રભૂષણ શર્મા | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | મા. શ્રી આર જે શાહ<br>ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | મા. ડૉ. અશોકભાઈ એન. પ્રજાપતિ<br>રજિસ્ટ્રારશ્રી (I/C) | સભ્ય સચિવશ્રી | હાજર |

- <u>આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.</u>

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

**બાબત ક્રમાંકઃ ૧** તા. ૦૩/૦૩/૨૦૧૮ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત

**ઠરાવ ક્રમાંક- ૧** તા. ૦૩/૦૩/૨૦૧૮ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહીને નીચે મુજબના સુધારા સાથે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે: (બિડાણ : પેજ ૧થી ૫)

| ઠરાવ ક્રમાંક | જૂની બાબત | સુધારા બાબત |
|---|---|---|
| ૬ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ગ-૪ના કર્મચારીઓને આઉટસોર્સિંગથી ભરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ગ-૪ના કર્મચારીઓને આઉટસોર્સિંગથી જ ભરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. |
| ૮ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વેબસાઈટનો કોન્ટ્રાક્ટ અદિત માઈક્રોસીસને તા. ૧૫/૯/૧૫થી વર્ષ માટે આપેલો હતો જે તા. ૧૪/૯/૨૦૧૮ના રોજ પૂર્ણ થાય છે તેમની કામગીરી અસંતોષકારક હોવાથી કોન્ટ્રાક્ટ પુરો કરી વર્ષ – ૨૦૧૮-૧૯માં નવો કોન્ટ્રાક્ટ આપવા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વેબસાઈટની કામગીરી સરકારી એજન્સી/સરકાર માન્ય સંસ્થા પાસે જ કરવાની થાય છે. |

**બાબત ક્રમાંકઃ ૨** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની તા. ૨૮/૦૮/૨૦૧૮ના રોજ યોજાયેલ નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત

**ઠરાવ ક્રમાંક- ૨** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની તા. ૨૮/૦૮/૨૦૧૮ના રોજ યોજાયેલ નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ મંજૂર કરવામાં આવે છે. (બિડાણ- પેજ ૧ થી ૪)

**બાબત ક્રમાંકઃ 3** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : GH/SH/48/CNU/1219/498/Kh-2 તા. ૧૬/૦૬/૧૯થી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ તરીકે શ્રી હર્ષદ પ્ર. શાહની નિયુક્તિ થયેલ છે. (બિડાણ-3)

**ઠરાવ ક્રમાંક- 3** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : GH/SH/48/CNU/1219/498/Kh-2 તા. ૧૬/૦૬/૧૯થી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ તરીકે શ્રી હર્ષદ પ્ર. શાહની નિયુક્તિ ધ્યાને લેવામાં આવી અને શુભેચ્છા આપવામાં આવી.

**બાબત ક્રમાંકઃ ૪** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : GH/SH/49/CHU/1214/191/KH-2 તા. ૨૧/૦૬/૧૯થી અને યુનિવર્સિટી ના એક્ટની કલમ નં. ૧૩ (૨) (ખ) મુજબ કુલપતિની ગેરહાજરી દરમિયાન વિશ્વ વિદ્યાલયના મહાનિયામક કુલપતિના હોદ્દાની વર્તમાન ફરજો બજાવશે. (બિડાણ-૪)

**ઠરાવ ક્રમાંક- ૪** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : GH/SH/49/CHU/1214/191/KH-2 તા. ૨૧/૦૬/૧૯થી અને યુનિવર્સિટી ના એક્ટની કલમ નં. ૧૩ (૨) (ખ) મુજબ કુલપતિની ગેરહાજરી દરમિયાન વિશ્વ વિદ્યાલયના મહાનિયામક કુલપતિના હોદ્દાની વર્તમાન ફરજો બજાવશે જેની નોંધ લેવામાં આવી અને શુભેચ્છા આપવામાં આવી.

**બાબત ક્રમાંકઃ ૫** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૨૦૯/૩૬૬૨/પાર્ટફાઈલ/ખ-૨ તા. ૧૮/૮/૧૭થી રજિસ્ટ્રારની જગ્યા ભરવા મંજૂરી આપવામાં આવી આથી તા. ૦૩/૦૩/૨૦૧૮ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં ઠરાવ ક્રમાંક -૧૦ થી રજિસ્ટ્રારની જગ્યા ભરવા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી હતી. આથી તા. ૧૬/૦૩/૨૦૧૮ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેમાં આવેલ અરજીઓની સ્ક્રુટિની કામગીરી પૂર્ણ થયેલી છે. એક્ટની કલમ ૧૬ (૧) મુજબ સ્થાયી સમિતિથી જ રજિસ્ટ્રારશ્રીની જગા ભરવાની થાય છે. હાલ સ્થાયી સમિતિની રચના થયેલી નથી, જેથી રજિસ્ટ્રારની ભરતીની પ્રક્રિયા રદ કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૫** રજિસ્ટ્રારની ભરતીની તમામ પ્રક્રિયા સ્ટેન્ડિંગ કમિટિ સમક્ષ મૂકવાની રહેશે. અને તે અંગેનો તમામ નિર્ણય સ્ટેન્ડિંગ કમિટિ કરશે.

**બાબત ક્રમાંકઃ ૬** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીએનયુ-૧૧૧૭-ન.બા.CHE-૪૯૪-ખ૨ તા. ૦૨/૦૬/૨૦૧૮થી કુલ ૨૯ શૈક્ષણિક જગ્યાઓ માટે સને ૨૦૧૮-૧૯માં નવી બાબત તરીકે રૂ. ૩૨૧.૯૬ લાખનો ખર્ચ (પરિપત્રમાં દર્શાવેલ શરતોને આધીન) કરવાની વહીવટી મંજૂરી મળેલ છે. પરંતુ ભરતી સંદર્ભે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતો હોવાથી ભરતીની કાર્યવાહી હાથ ધરેલ ન હતી. જેથી વર્ષ-૨૦૧૮-૧૯માં ૦૬ આસિ. પ્રોફેસરની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરેલ છે, જે જાણ સારુ.

**ઠરાવ ક્રમાંક- ૬** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીએનયુ-૧૧૧૭-ન.બા.CHE-૪૯૪-ખ૨ તા. ૦૨/૦૬/૨૦૧૮થી કુલ ૨૯ શૈક્ષણિક જગ્યાઓ માટે સને ૨૦૧૮-૧૯માં નવી બાબત તરીકે રૂ. ૩૨૧.૯૬ લાખનો ખર્ચ (પરિપત્રમાં દર્શાવેલ શરતોને આધીન) કરવાની વહીવટી મંજૂરી મળેલ છે. પરંતુ ભરતી સંદર્ભે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતો હોવાથી ભરતીની કાર્યવાહી હાથ ધરેલ ન હતી. જેથી વર્ષ-૨૦૧૮-૧૯માં ૦૬ આસિ. પ્રોફેસરની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરેલ જેની નોંધ લેવામાં આવી.

**બાબત ક્રમાંક: ૭** — શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : સીએયુ-૧૧૧૭-ન.બા-CHE-494-ખર તા. ૨૮/૦૩/૨૦૧૯થી ૨૯ જગ્યાઓને તા. ૦૧/૦૩/૨૦૧૯ થી તા. ૨૮/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવા નાણાકીય મંજૂરી મેળવેલી છે, જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૭** — શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : સીએયુ-૧૧૧૭-ન.બા-CHE-494-ખર તા. ૨૮/૦૩/૨૦૧૯થી ૨૯ જગ્યાઓને તા. ૦૧/૦૩/૨૦૧૯ થી તા. ૨૮/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવા નાણાકીય મંજૂરી મેળવેલી છે, જેની નોંધ લેવામાં આવી.

**બાબત ક્રમાંક : ૮** — મંજૂર થયેલ ૨૯ જગ્યાઓમાં ૦૫ પ્રોફેસરની ભરતી માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ટની કલમ ૩૯ (૧) મુજબ વિશ્વવિદ્યાલયને એક સ્થાયી સમિતિ રહેશે. આથી સ્થાયી સમિતિની રચના થયેથી કાર્યવાહી હાથ ધરવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૮** — મંજૂર થયેલ ૨૯ જગ્યાઓમાં ૦૫ પ્રોફેસરની ભરતી માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ટની કલમ ૩૯ (૧) મુજબ વિશ્વવિદ્યાલયને એક સ્થાયી સમિતિ રહેશે. આથી સ્થાયી સમિતિની રચના થયેથી કાર્યવાહી હાથ ધરવા બાબત મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**બાબત ક્રમાંક : ૯** — મંજૂર થયેલ ૨૯ જગ્યામાં ૧૦ એસોસિએટ પ્રોફેસર અને ૧૪ આસિસ્ટન્ટ પ્રોફેસરની સીધી ભરતીથી નિમણૂક કરવા ઈનચાર્જ વાઈસ ચાન્સેલરશ્રીને સત્તા આપવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૯** — મંજૂર થયેલ ૨૯ જગ્યામાં ૧૦ એસોસિએટ પ્રોફેસર અને ૧૪ આસિસ્ટન્ટ પ્રોફેસરની સીધી ભરતીથી નિમણૂક કરવા ઈનચાર્જ વાઈસ ચાન્સેલરશ્રીને સત્તા આપવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

**બાબત ક્રમાંક : ૧૦** — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૧૮-૧૯માં કુલ ૨૯ શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયેલ છે. આ જગ્યાઓના Recruitment Rules તા. 30/01/2017ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગમાં ઠરાવ ક્રમાંક:૨માં મંજૂર થયેલા છે. આ Recruitment Rulesમાં UGCના નિયમોમાં થતા વખતોવખતના સુધારા સાથે મંજૂર કરવા બાબત (બિડાણ-૬)

**ઠરાવ ક્રમાંક -૧૦** — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૧૮-૧૯માં કુલ ૨૯ શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયેલ છે. આ જગ્યાઓના Recruitment Rules તા. 30/01/2017ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગમાં ઠરાવ ક્રમાંક:૨માં મંજૂર થયેલા છે. આ Recruitment Rulesમાં UGCના નિયમોમાં થતા વખતોવખતના સુધારા સાથે મંજૂર કરવાની બાબત મંજૂર કરવામાં આવે છે.

બાબત ક્રમાંક : ૧૧ જાન્યુઆરી-૨૦૧૫માં સીધી ભરતીથી ભરાયેલ ૦૬ આસિસ્ટન્ટ પ્રોફેસરના Career Advancement Scheme અંતર્ગત કમિટિ દ્વારા થયેલા મૂલ્યાંકનની ભલામણને મંજૂર કરવા બાબત (૬૦૦૦-ગ્રેડ પે માંથી ૭૦૦૦ ગ્રેડ પેની બઢતી બાબત) (બિડાણ-૭)

ઠરાવ ક્રમાંક -૧૧ જાન્યુઆરી-૨૦૧૫માં સીધી ભરતીથી ભરાયેલ ૦૬ આસિસ્ટન્ટ પ્રોફેસરના Career Advancement Scheme અંતર્ગત કમિટિ દ્વારા થયેલા મૂલ્યાંકનની ભલામણને મંજૂર કરવામાં આવી.

બાબત ક્રમાંક : ૧૨ વર્ષ : ૨૦૧૮-૧૯માં મંજૂર થયેલ ૨૯ જગ્યામાંથી ૧૪ જગ્યા આસિસ્ટન્ટ પ્રોફેસરની મંજૂર થયેલી છે. તેના પર હાલ-૬ આસિસ્ટન્ટ પ્રોફેસર ૧૧ માસના કરાર પર સપ્ટેમ્બર-૧૮થી ભરતી કરેલ છે તેઓનો કરાર ઓગસ્ટ-૨૦૧૯માં પૂર્ણ થતો હોવાથી પૂન: તેમને ૧૧ માસ લંબાવવો અથવા સીધી ભરતીથી આસિસ્ટન્ટ પ્રોફેસરોની નિમણૂક ન થાય ત્યાં સુધી રાખવા-એ બેમાંથી જે પહેલાં હોય તે માન્ય રાખવા બાબત.

ઠરાવ ક્રમાંક -૧૨ વર્ષ : ૨૦૧૮-૧૯માં મંજૂર થયેલ ૨૯ જગ્યામાંથી ૧૪ જગ્યા આસિસ્ટન્ટ પ્રોફેસરની મંજૂર થયેલી છે. તેના પર હાલ-૬ આસિસ્ટન્ટ પ્રોફેસર ૧૧ માસના કરાર પર સપ્ટેમ્બર-૧૮થી ભરતી કરેલ છે તેઓનો કરાર ઓગસ્ટ-૨૦૧૯માં પૂર્ણ થતો હોવાથી તેમનો કરાર પૂર્ણ કરી, પુન: અગાઉની જેમ રૂ. ૨૫૦૦૦/-ના માસિક પગારથી જરૂરિયાત મૂજબના આસિસ્ટન્ટ પ્રોફેસરની જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવી.

## અધ્યક્ષ - સ્થાનેથી રજૂ થયેલ બાબતો

બાબત ક્રમાંક : ૧૩ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ડૉ. અશોકભાઈ પ્રજાપતિ, આસિસ્ટન્ટ પ્રોફેસરને તા. ૨૬/૦૬/૨૦૧૯ના રોજથી રજિસ્ટ્રારનો ચાર્જ આપેલો છે તે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક -૧૩ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ડૉ. અશોકભાઈ પ્રજાપતિ, આસિસ્ટન્ટ પ્રોફેસરને તા. ૨૬/૦૬/૨૦૧૯ના રોજથી રજિસ્ટ્રારનો ચાર્જ આપેલો છે તે બાબત ધ્યાને લેવામાં આવી અને શુભેચ્છા આપવામાં આવી.

બાબત ક્રમાંક : ૧૪ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ને કલમ-૨૬(૧) (૫) મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના એક સભ્યને નાણાં સમિતિમાં નામનિયુક્ત કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૪ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ને કલમ-૨૬(૧) મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ડૉ. સંજયભાઈ પટેલ (ડુંગરાણી)ને નાણાં સમિતિમાં નિયુક્ત કરવામાં આવે છે.

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ | તા. ૧૮/૦૭/૨૦૧૯ |
| --- | --- |

| | |
| --- | --- |
| બાબત ક્રમાંક : ૧૫ | તા. ૧૧/03/૨૦૧૮ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત. |
| ઠરાવ ક્રમાંક -૧૫ | તા. ૧૧/03/૨૦૧૮ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંક : ૧૬ | તા. ૧૧/3/૨૦૧૮, ૨૪/૧૨/૨૦૧૮, ૨૬/૨/૨૦૧૯ અને તા. ૧૫/3/૨૦૧૯ના રોજ મળેલી રિસર્ચ કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત. |
| ઠરાવ ક્રમાંક-૧૬ | તા. ૧૧/3/૨૦૧૮, ૨૪/૧૨/૨૦૧૮, ૨૬/૨/૨૦૧૯ અને તા. ૧૫/3/૨૦૧૯ના રોજ મળેલી રિસર્ચ કાઉન્સિલની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંક : ૧૭ | વર્ષ : ૨૦૧૯-૨૦ના બજેટમાં વહીવટી ૧૭ જગ્યાઓની માગણી કરેલી હતી જે વર્ષ : ૨૦૧૯-૨૦ના બજેટમાં મંજૂર થયેલ નથી તો તે જગાઓને પુનઃ મંજૂર કરાવવા બાબત. |
| ઠરાવ ક્રમાંક -૧૭ | વર્ષ : ૨૦૧૯-૨૦ના બજેટમાં વહીવટી ૧૭ જગ્યાઓની માગણી કરેલી હતી જે વર્ષ : ૨૦૧૯-૨૦ના બજેટમાં મંજૂર થયેલ નથી તો તે જગ્યાઓને આવતા બજેટમાં પુનઃ મૂકવી. |
| બાબત ક્રમાંક : ૧૮ | પ્રતિનિયુક્તિથી ભરાયેલી જગ્યાઓ રિઓપન કરવા બાબત. |
| ઠરાવ ક્રમાંક – ૧૮ | પ્રતિનિયુક્તિથી ભરાયેલી જગ્યાઓ રિઓપન કરવાની કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. |
| બાબત ક્રમાંક : ૧૯ | M.Edની મંજૂરી મેળવવાની પ્રક્રિયા કરવા માટેની મા. કુલપતિશ્રીને સત્તા આપવા બાબત. |
| ઠરાવ ક્રમાંક – ૧૯ | M.Edની મંજૂરી મેળવવાની પ્રક્રિયા કરવા માટેની સત્તા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે. |

તારીખ : ૧૮/૦૭/૨૦૧૯

સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)